# પ્રેમનાં દિવસો ન હોય, પ્રેમનાં તો દશકાઓ હોય : પ્રેમ દેવો ભવઃ

**પ્રેમનો દિવસ !!**
**આનો કોઈ દિવસ હોય ?**
**પ્રેમ કોઈ દિવસમાં સીમિત છે ?**
**અરે એ તો બ્રહ્માંડના કણે કણમાં છે,**
**શરીરના દરેક રુવાડામાં છે,**
**દિવસની દરેક સેકંડોમાં છે,**

પ્રેમ તો જ્યારે અંતરથી ઈચ્છા થાય ત્યારે જ કરાય. એના માટે કોઈ દિવસ ની રાહ જોવાય ?

આજે આ દિવસ છે, એનો ઉપયોગ તો કરી જ લેવો, અને એવું પણ નક્કી કરી લેવું, કે આપણે પ્રેમ

## હેપ્પી વેલન્ટાઇન ડે





કરવા આવા કોઈ દિવસ ની રાહ જોવાની જરૂર નથી.

વેલેન્ટાઈન્સ ડે (પ્રેમ નો દિવસ) અથવા તો સંત વેલેન્ટાઈન્સ ડે ૧૪મી ફેબ્રુઆરીનાં રોજ ઉજવવામાં આવે છે. આમ તો ફેબ્રુઆરી એટલે પ્રેમ નો મહિનો જ ગણાય છે. ૭ મી તારીખ થી પ્રેમના અવનવા દિવસો શરૂ થાય છે અને ૧૪મી એ પ્રેમનો દિવસ ઉજવવામાં આવે છે. આ ઉપરાંત પણ ૧૪ મી પછી દિવસોની ઉજવણી ચાલુ રહે છે જે બ્રેક અપ ડે ના દિવસે અંત થાય છે પણ મોટા ભાગે ૭ મી થી ૧૪ મી સુધી વેલેન્ટાઈન વિક ચાલે છે.

પ્રેમનાં ઘણા સ્વરૂપો છે અને આ સ્વરૂપોથી જ તે વિવિધ સંબંધોમાં પરિવર્તિત થતો હોય છે; જેમ કે મા-દીકરો, પિતા અને દીકરીનો સંબંધ, પતિ-પત્ની, ભાઈ-બહેન, દોસ્તી વગેરે.

શહેરની ગિફ્ટની દુકાનોમાં વેલેન્ટાઈન ડે તેમજ વિવિધ ડે નિમિત્તે અવનવા કાર્ડસ્ અને ગિફ્ટોનું વેચાણ થઈ રહ્યું છે. તો બીજી તરફ ફુલવાળા વેપારીઓએ પણ વિવિધ કલરનાં ગુલાબ તૈયાર કરવા માટે તૈયારીઓ કરી દીધી હતી. યુવાધનમાં વેલેન્ટાઈન દિવસને લઈને અનેરો ઉત્સાહ હોય છે. આ દિવસે યુવક-યુવતીઓ એકબીજાને કાર્ડસ, ગિફ્ટ, ગુલાબ આપી વેલેન્ટાઈન ડેની ઉજવણી કરતા હોય છે. કેટલાક હોટલોમાં સ્પેશ્યલ પાર્ટીનું આયોજન કરતા હોય છે. તો કેટલાક આ દિવસે હરવા-ફરવા કે ફિલ્મ જોવાનું આયોજન કરતાં હોઈ શહેરના વિવિધ થીએટરમાં બુકીંગ શરૂ થઈ ગયા છે. તો કેટલાકે પાર્ટી માટે હોટલોમાં પણ બુકીંગ કરાવ્યું છે. વેલેન્ટાઈન ડે પર ગુલાબનું ખાસ મહત્વ છે. આ દિવસે એકબીજાને ગુલાબ આપવામાં આવે છે. જેમાં વિવિધ રંગના ગુલાબ નિશાની તરીકે આપવામાં આવે છે. જેથી ફુલોના વેપારીઓએ પણ ગુલાબની તંગી ન સર્જાય તે હેતુથી તૈયારીઓ આરંભી દીધી હતી અને ઓર્ડર આપી દીધા હતા. સામાન્ય દિવસોમાં નજીવી કિંમતે મળતા ગુલાબ વેલેન્ટાઈન ડેના દિવસે રૂ.૧૦૦ થી ૨૦૦ના ભાવે વેચાતા હોય છે. જો કે યુવાધન દ્વારા આ દિવસ પાછળ લાખ્ખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોય છે. ટેડીબીયર તેમજ ફોટોફ્રેમ જેવી ગીફ્ટ યુવાધનમાં પ્રિય હોય છે.

પૂર્વ ખ્રિસ્તી ધર્મમાં શહીદ થયેલા અનેક પૈકી બે વ્યક્તિનાં નામ ઉપરથી આ દિવસનું નામ વેલેન્ટાઈન રાખવામાં આવ્યું છે. સાહિત્યકાર જ્યોફ્રી ચોસરનાં વર્તુળમાં આ દિનને લાગણીસભર પ્રેમ સાથે સાંકળવામાં આવ્યો. આ યુગ ઉચ્ચ મધ્યમ યુગ હતો કે જે દિવસોમાં રૂમાની પ્રેમની પરંપરા ખૂબ જ પાંગરી હતી. આ દિવસ પ્રેમીઓ માટે ખુબ જ ખુશીનો દિવસ હોય છે. પ્રેમ, દુનિયાનો સૌથી સુંદર શબ્દ હોય, અનુભવ હોય તો એ છે પ્રેમ. આજે આ શબ્દ ચારે દિશામાંથી સંભળાતો હોય છે. સમગ્ર દુનિયાની તમામ વ્યક્તિઓનાં મુખ પર આ શબ્દ કોઈ ન કોઈ રીતે એકવાર તો આવ્યો જ હોય છે. દરેક સ્થાનેથી તેનાં પડઘા સંભળાતા હોય છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ભારત દેશમાં યુવાધન દ્વારા પશ્ચિમી સંસ્કૃતિનું આંધળુ અનુકરણ કરવામાં આવી રહ્યું છે. વિવિધ તહેવારો પહેરવેશ, રહેણી-કરણીની સાથે સાથે વિવિધ ડેની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. તેમાંય ખાસ કરીને વેલેન્ટાઈન ડે યુવાધનમાં ઘણો જ લોકપ્રિય બન્યો છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે ઉજવવામાં આવતા વેલેન્ટાઈન ડે પૂર્વેના સપ્તાહમાં વિવિધ ડેની ઉજવણી કરવામાં આવે છે. જેમ કે રોઝ ડે, પ્રપોઝ ડે, ચોકલેટ ડે, ટેડી ડે ની ઉજવણી પાછળ યુવાધન લાખ્ખો રૂપિયા ખર્ચી નાખે છે. આ દિવસને પ્રેમીઓના દિવસ તરીકે પશ્ચિમના દેશોમાં ઉજવવામાં આવે છે.જેને વેલેન્ટાઈન ડે તરીકે ઓળખવામાં આવે છે. જો કે કેટલોક વર્ગ એવો પણ છે કે જે આ પ્રકારના દિવસનો વિરોધ કરે છે.

### વેલેન્ટાઇન-ડે સાથે જોડાયેલ કથા


સોશિયલ મીડિયામાં દર વર્ષે વેલેન્ટાઇન ડે પર બ્લેક ડે તરીકે પોસ્ટ મૂકવામાં આવે છે જેમાં વેલેન્ટાઇન ડે નો વિરોધ કરવામાં આવે છે. ૧૪ ફેબ્રુઆરી ના દિવસે ભગતસિંહ, રાજગુરુ,સુખદેવને ફાંસીની સજા જાહેર કરી હતી તેથી આ દિવસે વેલેન્ટાઇન ડે નહિ પણ બ્લેક ડે તરીકે પોસ્ટ કરવામાં આવે છે.

આમ તો પ્રેમની કોઈ ચોક્કસ ઉંમર, સમય, ઘડી કે પળ હોતા નથી તો પછી પ્રેમનો એકરાર કરવા માટે એક વિશેષ દિવસ જ કેમ પસંદ કરવામાં આવ્યો, છે. પૌરાણિક માન્યતા અનુસાર વેલેન્ટાઇન ડે સાથે સંત વેલેન્ટાઇનનું નામ જોડાયેલુ છે. તેઓ રોમમાં પાદરી હતા. ઘટના ત્રીજી સદીની છે. એ દિવસોમાં રોમમાં સમ્રાટ કલોડિયસનું શાસન હતુ. સમ્રાટની માન્યતા હતી કે પ્રેમમાં ડુબેલા અથવા પરિણિત પુરૂષો કદી સારા સૈનિકો નથી બની શકતા. આથી તેમણે એલાન કર્યુ કે સેના તેમજ શાસન તંત્ર સાથે સંકળાયેલી કોઈપણ વ્યાકિત લગ્ન કરી શકશે નહી. એટલુ જ નહિ રાજાની આ આજ્ઞાને ન માનનારાને મૃત્યુ દંડની સજા ફરમાવવામાં આવી હતી. સમ્રાટનો આ આદેશ સંત વેલેન્ટાઇનને પસંદ ન આવ્યો અને તેમણે તેના વિરોધનું બીડુ ઝડપ્યુ હતું. તેમણે કેટલાય પ્રેમીઓના લગ્ન કરાવ્યા. સમ્રાટને આ વાતની જાણ થતા તેઓ રોષે ભરાયા અને તેમણે સંત વેલેન્ટાઇનને મોતની સજા ફરમાવી. પ્રેમીઓ માટે વિરોધ બીડુ ઉઠાવનાર સંત વેલેન્ટાઇનને જે દિવસ મૃત્યુ દંડ આપવામાં આવ્યો એ દિવસ હતો ૧૪મી ફેબ્રુઆરી... ત્યારથી દર વર્ષે સંત વેલેન્ટાઇનની સ્મૃતિમાં ૧૪મી ફેબ્રુઆરીનો દિવસ વેલેન્ટાઇન ડે તરીકે ઉજવાય છે.

પશ્ચિમી સંસ્કૃતિમાં ફેબ્રુઆરી માસ દરમ્યાન ઉજવાતા દિવસોની ભારતમાં પણ યુવાધન દ્વારા ધામધુમપૂર્વક ઉજવણી થઈ રહી છે. છેલ્લા બે દિવસ એટલે કે ચોકલેટ ડે અને ટેડી ડેની ઉજવણી પાછળ યુવાધને લાખ્ખો રૂપિયા ખર્ચી નાખ્યા છે. ચોકલેટ ડે નિમિત્તે બજારમાં વિવિધ વેરાઈટીની ચોકલેટોની માંગ વધુ જોવા મળી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**તને નથી લાગતું કે, ગયા વેલેન્ટાઈન-ડેએ આપણે લગ્ન ન કરી લીધા હોત તો આપણે પહેલા ઉજવતા એવો એવો વેલેન્ટાઈન-ડે આજે ઉજવતા હોત...!!!**



### 'રામાજીના છાપરા શિક્ષકનું પ્રેરણાદાયી ઈનોવેશન'

જીસીઈઆરટી પ્રેરિત અને ડાયટ ગાંધીનગર આયોજીત જિલ્લાકક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલમાં દહેગામ તાલુકાના રામાજીના છાપરા પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેશ ગજ્જરે "જોયફુલ સેટરડે (આનંદદાયી શનિવાર)" નવતર પ્રયોગ રજૂ કરેલ. જે જી.સી.ઈ.આર.ટી.ના સચિવ વિનયગીરી ગોસાઈ, દર્શનાબેન જોષી, ડાયટના પ્રાચાર્ય ડૉ. હિતેશ દવે, તા.પ્રા. શિક્ષણાધિકારી જિતેન્દ્રભાઈ મોદી, બી.આર.સી. કો. મહેશભાઈ મકવાણા, બીટ કે.નિ. ગાયત્રીબેન જોષી,. અન્ય પદાધિકારીઓ, શિક્ષકોએ નિહાળી પ્રશંસા સાથે સુભેચ્છાઓ આપેલ.



નેહરુ યુવા કેન્દ્ર દ્વારા ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં ડિજીટલ ફેસિલેશન કેમ્પેનિંગ યોજીને વ્યક્તિગત સંપર્ક અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં એનવાયકેના રાષ્ટ્રીય યુવા સ્વયંસેવક મંથન શાહ તેમજ યુવક મંડળના હર્ષદ ઠાકોર, હાર્નિશ ઠાકોર, ઉર્વિશ દેસાઈ સહિત યુવાનોએ જોડાઈને માસ્ક, હેન્ડબેગ તથા સેનેટાઈઝર વગેરેનું શાળા-કોલેજ તથા વૃધ્ધાશ્રમ વગેરે સ્થળોએ વિતરણ કર્યુ હતુ.



ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ ડગ માંડી રહ્યું છે છતાં હજુ પણ શહેરના સેક્ટરોમાં પાયાની સુવિધાઓ બાબતે કેટલીક સમસ્યાઓ વણઉકેલી હોવાથી નાગરિકો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. શહેરના સેક્ટર-૫ માં ઉભરાતી ગટરો, બંધ સ્ટ્રીટલાઈટો, જાહેર સાફ-સફાઈ, વધતી ઝુંપડપટ્ટીઓ, રખડતાં ઢોર, પાણીનો અપૂરતો ફોર્સ વગેરે સમસ્યાઓ સાથે સરકારી દવાખાનું, કોમ્યુનિટી હોલ, પોલીસ ચોકી સહિત સરકારી શાળાઓ જેવી મહત્વની સુવિધાઓના અભાવ અંગે ચર્ચા કરવા સ્થાનિક વસાહત મંડળની બેઠક યોજાઈ હતી.

## સે.૨૬માં જીઆઈડીસી ખાતે માર્કેટિંગ ક્ષેત્રે વ્યવસાયલક્ષી કોર્સીસનો પ્રારંભ

**'દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના' અંતર્ગત ગાંધીનગર અને અમદાવાદ જીલ્લાના પુરુષો અને મહિલાઓ પી.ડબ્લ્યુ.ડી., એસ.સી., તેમજ લઘુમતી વર્ગો માટે વિના મૂલ્યે ઉપલબ્ધ**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ખાતે ભારત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા 'દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના' અંતર્ગત જી.એલ.પી.સી. અને સેક્ટર-૨૬ની જી.આઈ.ડી.સી. ખાતે આવેલા ડી.ડી.યુ.- જી.કે.વાય. ગ્રીન ફિલ્ડના સયુંક્ત ઉપક્રમે ભવિષ્યના માર્કેટિંગલક્ષી મહત્વપૂર્ણ પાઠ્યક્રમો ભણાવવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સેન્ટરમાં બિઝનેસ કોરસ્પોન્ડન્ટ, બિઝનેસ ફેસીલીટેટર, મ્યુચ્યુઅલ ફંડ એજન્ટ, અને ઈકવીટી ડીલર જેવાં અત્યાધુનિક અને વ્યવસાયલક્ષી કોર્સીસ છે, તદુપરાંત કોર્સ પૂર્ણ કર્યા બાદ તેને સંલગ્ન અને પાઠયક્રમલક્ષી નિયુક્તિની પણ અહીં તક આપવામાં આવે છે, જે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરવા પ્રયાસ કરાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ કેન્દ્રમાં ભણાવવામાં આવતા વ્યવસાયલક્ષી કોર્સીસ ગાંધીનગર અને અમદાવાદ જીલ્લાના પુરુષો અને મહિલાઓ પી.ડબ્લ્યુ.ડી., એસ.સી., તેમજ લઘુમતી વર્ગો માટે વિના મૂલ્યે ઉપલબ્ધ છે, ડી.ડી.યુ. - જી.કે.વાય. ગ્રીન ફિલ્ડના દ્વારા કરવામાં આવી રહેલી આ પહેલ વધુમાં વધુ વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના પ્રયાસરૂપ છે અને વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી આગળ વધારવામાં મદદરૂપ થશે. આ કેન્દ્રમાં પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે, જે.બી.એમ. ગૃપ, સ્માર્ટ લાયોન, એન્જલ્સ બ્રોકિંગ, એસ.એસ.જે. ફાઈનાન્સ અને ઓમાન કન્સલ્ટન્ટ જોડાયેલી છે. જે સંસ્થાઓ વિદ્યાર્થીઓને આગળ વધવામાં મહત્વનું યોગદાન અને કારકિર્દીમાં આગળ વધવા પ્રોત્સાહન પૂરું પાડવા કાર્યરત છે. ગાંધીનગરના સેક્ટર-૨૬માં જી.આઈ.ડી.સી. ઈલેક્ટ્રોનિક એસ્ટેટમાં ઈ-૭૨ સ્થિત આ સેન્ટરમાં મહત્વલક્ષી કોર્સીસ માટે નોંધણી પ્રક્રિયા ચાલુ છે.

**જરા યાદ ઉન્હે ભી કર લો... જો લૌટ કે ઘર ના આયે...**

## આજે પુલવામાં આતંકી હુમલાની ત્રીજી વર્ષીએ શહીદોને શત્ શત્ નમન



ગાંધીનગર, તા. ૧૩

આજથી ત્રણ વર્ષ પૂર્વે કાશ્મિરના પુલવામા ખાતે થયેલા અત્યંત ઘાતકી ત્રાસવાદી હુમલાને કોઈ પણ ભારતીય ભુલી શકે તેમ નથી. તા. ૧૪મી ફેબ્રુઆરીએ વેલેન્ટાઈન ડે ની ઉજવણીમાં મસ્ત બનતાં યુવાનોએ પણ ભારતીય વીર સૈનિકોના એ બલિદાનને પહેલાં યાદ કરવું જોઈએ જેમાં ૪૦ જેટલાં જવાનોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

પુલવામાં આતંકી હુમલાની આજે ત્રીજી વરસી છે અને સમગ્ર દેસ વીર શહીદ જવાનોને સલામ કરી રહ્યો છે. સમગ્ર દેશના આત્માને હચમચાવી મુકનાર એ ઘાતકી હુમલાથી આજે પણ નાગરિકો વ્યથિત અને ક્રોધિત છે. સીઆરપીએફના જવાનોના કાફલા પર આંતકવાદીઓએ કરેલા કાયરતાપૂર્ણ અને ઘાતકી હુમલાથી સમગ્ર દેશમાં આક્રોશ ફેલાયો હતો. આજે વેલેન્ટાઈન ડે ની ઉજવણીમાં યુવાનો જ્યારે પોતાના સ્નેહીજન સાથે મગ્ન બની રહ્યા છે ત્યારે પહેલા આ જવાનોની શહીદી પણ યાદ કરવી એટલી જ જરૂરી છે જેમના બલિદાનથી તેઓ આજે સુરક્ષિત છે. પુલવામાં આતંકવાદી હુમલાની એ હિચકારી ઘટનાએ તમામ ભારતીયોના હૃદયમાં આપેલો કારમો ઘા હજુ રૂઝાયો નથી અને આ પ્રસંગે ગાંધીનગર સમાચાર પણ દેશના શહીદ વીર સપૂતોને નત મસ્તક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ગુજરાત ગેસ કંપની દ્વારા શહેરના ઘરવપરાશના પીએનજી ગેસના બિલમાં થતી ઉઘાડી લૂંટ

**અનેક વખતની રજૂઆત છતાં કંપનીનું મેનેજમેન્ટ સુધરતું નથી ગ્રાહકો સાથે છેતરપિંડી અને અન્યાય**

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના પાટનગર એવા ગાંધીનગર શહેરમાં હાલ દરેક ઘરોમાં ગુજરાત ગેસ કંપની દ્વારા પીએનજી ગેસ ની સુવિધા નું નેટવર્ક ઉભુ કરવામાં આવેલ છે.જ્યારે શરૂઆતમાં આવા ગેસ કનેક્શન આપવામાં આવ્યા ત્યારે સસ્તા ગેસ ની લાલચ આપીને લોકોને આકર્ષી ને પીએનજી ગેસ કનેક્શન દરેક ઘરમાં આપી દેવામાં આવ્યા હતા. પરંતુ સમય જતા લોકોને એલપીજી ગેસના બાટલાની જગ્યાએ આવી ગેસ લાઇન આપીને વપરાશની આદત પાડી દેવામાં આવી અને ત્યારબાદ ઉતરોતર ઉઘાડી લૂંટ આ ગુજરાત ગેસ કંપની દ્વારા શરૂ થઈ હતી જે વર્તમાન સમયમાં પણ થઈ રહી છે જેનું ઉદાહરણ ચાલુ માસના વિતરણ થયેલ ગેસ બીલ માં ઉભરી આવતું દેખાય છે. એનો એક દાખલો પીએનજી ના ગ્રાહક નંબર:૧/૨, પારિજાત એપાર્ટમેન્ટ, સેક્ટર:૧૩/બી, ગાંધીનગર ખાતે રહેતા પ્રવીણભાઈ ઠક્કર(ઉદેચા)ના બિલમાં તથા તેમની સોસાયટીમાં ઉંચી રકમના ફટકારેલી બીલો ઉપરથી દેખાઈ આવ્યું હતું. તેમની વારંવારની ઉગ્ર તેમજ લેખિત રજૂઆતો છતાં સતત બીજા બિલમાં ગત માસના બિલ રૂપિયા ૭૮૩/ની જગ્યાએ ચાલુ માસના વપરાશનું બિલ એવું ડબલ રકમની રૂપિયા ૧,૫૫૪/નું બિલ ફટકારવામાં આવ્યું હતું મીટર રીડર ને જણાવતાં અને તપાસ કરતા મીટર રીડર દ્વારા ભાવ વધી ગયા છે તેમ જણાવ્યું હતું. જો ગત બિલ અને વર્તમાન બિલ ની રકમની સરખામણી કરવામાં આવે તો અંદાજે ડબલ રકમ જેટલી થવા જાય છે. કેમ કોઈ પણ કંપની દ્વારા સો ટકાનો ભાવ વધારો સરકારની મંજૂરી વગર કેવી રીતે થઈ શકે છે તે ચર્ચાનો વિષય છે કે પછી સરકારી અધિકારીઓની પણ આમાં મીલીભગત દેખાઈ રહી છે જેના ઉપર સરકાર દ્વારા તપાસ કરી ને કડકાઈ ભર્યા પગલા લેવા જોઈએ અને આ જાહેર જનતાની ઉઘાડી લૂંટ ને રોકવી જોઈએ.આ બાબતે મુખ્યમંત્રી ને રજૂઆત કરવામાં આવશેઅને જો નિકાલ નહિ આવે તો જન આંદોલન પણ થઈ કરાશે તેવી સંભાવનાઓ છે ગ્રાહકો વારંવાર રજૂઆત કરવા જતાં કંપનીની કચેરીના સ્ટાફ દ્વારા દરેક ગ્રાહકો સાથે બિનજરૂરી ગેરવર્તણૂક પણ બેફામ બોલીને કરવામાં આવે છે અને એવો દેખાડો કરવામાં આવે છે કે અમારો સ્ટાફ કોર્પોરેટ કંપનીનો સ્ટાફ છે અને અમારાથી હોંશિયાર બીજું કોઈ નથી. કાયદેસરની રજૂઆત હોવા છતાં એકાઉન્ટ સહિતનો સ્ટાફ તેમની ભૂલ સ્વીકારવા તૈયાર થતો નથી અને પહેલા ગ્રાહક પાસે નાણાં ભરાવી અને ખોટી અરજીઓ લખાવી અને ધક્કા ખવડાવવાનો ગેરવાજબી વર્તન કરી રહ્યા છે, જે બિલકુલ ગેરવ્યાજબી અને ગેરકાયદેસર છે હજુ આ કંપની નહીં સુધરે તો ગ્રાહકો દ્વારા તેના વિરોધમાં અને તેના સ્ટાફ ના વિરોધમાં કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## ગાંધીનગર ખાતે ભાજપા દ્વારા પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું




ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ખાતે ભાજપા દ્વારા પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું હતું. પ્રદેશ ભાજપા સહ પ્રવક્તા હિતેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય બજેટ ૨૦૨૨-૨૩ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપી 'આત્મનિર્ભર અર્થવ્યવસ્થા' સંદર્ભે સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમનજી દ્વારા સંસદમાં 'આત્મનિર્ભર ભારત'ની સંકલ્પના ચરિતાર્થ કરવાના ધ્યેય સાથે રજૂ કરાયેલ કેન્દ્રીય બજેટ સંદર્ભે ૧૩ ફેબ્રુઆરીના રોજ મહાનગર ભાજપા દ્વારા સ્વામિનારાયણ ગુરુકુલ, સેક્ટર ૨૨ ખાતે 'પ્રબુદ્ધ નાગરિક સંમેલન'નું આયોજન કરાયું હતું જેમાં પ્રદેશ ભાજપાના સહ પ્રવકતા હિતેન્દ્રભાઈ પટેલ મુખ્ય વક્તા તરીકે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. હિતેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય બજેટ ૨૦૨૨-૨૩ અંતર્ગત 'આત્મનિર્ભર અર્થવ્યવસ્થા' સંદર્ભે સંબોધન કર્યુ હતું. તેમણે સંસદમાં 'મોદી સરકાર' દ્વારા દેશના વિકાસની ગતિને વધારવા, આત્મનિર્ભર ભારતની પરિકલ્પના સાકાર કરવાની દિશામાં દ્રઢતા સાથે આગળ વધવા માટે રજૂ કરાયેલા પ્રજાલક્ષી બજેટ અંગે ઉપસ્થિત સૌને વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટે સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત અગ્રણી, પ્રબુદ્ધ નાગરિકો, સંગઠનના હોદ્દેદારો ને આવકાર્યા હતા અને દેશને વિશ્વગુરુના સ્થાને બિરાજમાન કરવા સતત કાર્યશીલ, દેશવિદેશમાં ભારતની આગવી છાપ ઉજાગર કરનાર, હંમેશા નેશન ફર્સ્ટની ભાવના સાથે છેલ્લા ૭ વર્ષથી દેશસેવામાં અવિરત કાર્યરત એવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ રજૂ કરાયેલા પ્રજાલક્ષી બજેટને આવકાર્યું હતું.

આ કાર્યક્રમમાં મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહાનગરના મહામંત્રી ગૌરાંગભાઈ પટેલ, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, પ્રબુદ્ધ નાગરિકો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકા આયોજન સમિતિની બેઠક આજે તાલુકા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને તાલુકા પંચાયત ખાતે મળશે.
- નવનિયુક્ત પ્રાંત અધિકારી ગાંધીનગરના અધ્યક્ષસ્થાને આજે એ.ટી.વી.ટી.ના આયોજન માટે બેઠક મળશે.
- બે દિવસની રજા બાદ આજથી કચેરીઓ પુનઃ ધમધમતી થશે.
- પાનખરના આરંભ પૂર્વે જ ગાંધીનગર શહેરમાં જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓ જોવા મળી રહી છે.
- શહેરના આંતરિક માર્ગોની સફાઈ નિયમિત ન થતી હોવાની ફરિયાદો વધવા લાગી છે.
- સફાઈ કામદારોના આંદોલનને સમર્થન આપવા આજે સે.૧૨ માં જાહેરસભાનું આયોજન કરાયુ છે જેમાં ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી તેમજ પ્રદેશ કોંગ્રેસના હિતેન્દ્રભાઈ પીઠડિયા હાજર રહેનાર છે.
- તલાટીની જગ્યા માટે ઉમેદવારી કરતા યુવકો ઓજસ વેબસાઈટ પર ફોર્મ સબમીટ ના થતાં હોવાથી હેરાન થઈ રહ્યા છે.
- શહેરમાં હવે ઈવનીંગ વોકર્સની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર શહેર ભાજપા સોશ્યલ મિડિયા અને આઇ.ટી. વિભાગની ટિફિન બેઠક રાયસણ ભૈરવનાથ પાર્ટી પ્લોટ ખાતે યોજાઈ હતી.
- વેલેન્ટાઈન ડે ની ઉજવણીને લઈ આજે યુવક-યુવતીઓમાં ઓછો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તેમજ ગિફ્ટ આર્ટિકલ્સ ખરીદવામાં પણ ઓછો રસ દાખવી રહ્યા છે.

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા